૨૦૩/૫૮૫

**રાજ્યમાં 'સુરક્ષા સેતુ સોસાયટીઓ'ની રચના કરવા તથા તે હેઠળ 'સુરક્ષા સેતુ કેન્દ્રો' ની સ્થાપના કરવા બાબત.**

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
હુકમ ક્રમાંકઃ **પીડબલ્યુએફ/૧૦/૨૦૧૨/૪૧૧૬૫/ટ,**
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ– **૨૬/૦૯/૨૦૧૨.**

**<u>વંચાણે લીધાઃ</u>**– (૧) ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તા.૨૩/૦૪/૨૦૧૨નો ઠરાવ ક્રમાંકઃ પીડબલ્યુએફ/૧૦/૨૦૧૨/૪૧૧૬૫/ટ.

(૨) ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તા.૧૭/૦૯/૨૦૧૨નો ઠરાવ ક્રમાંકઃ પીડબલ્યુએફ/૧૦/૨૦૧૨/૪૧૧૬૫/ટ (પાર્ટ ફાઈલ).

**<u>પ્ર સ્તા વ ના</u> :–**

પોલીસ અને પ્રજા બંને એક–બીજાના પૂરક છે. આથી, આ બંને વચ્ચે સેતુ ઘડતર થાય તે માટે રચનાત્મક કાર્યો કરવાનું અત્યંત જરૂરી છે. આવાં પ્રજાલક્ષી અને સમાજ ઉપયોગી કાર્યો કરવા માટે આ કામગીરીમાં કાર્યરત સમૃધ્ધ સંસ્થાઓ, એસોસિએશનો, ગૃહ ઉદ્યોગો ધ્વારા જનભાગીદારીથી કાર્યક્રમો હાથ ધરાય તે ધ્યેય નજર સમક્ષ રાખી રાજ્ય કક્ષાએ ૧, તમામ જિલ્લાઓના પોલીસ અધિક્ષકશ્રીઓ અને ૪ પોલીસ કમિશનરશ્રીઓના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારોમાં મળી કુલઃ ૩૨ સ્વાયત્ત જનરક્ષા સોસાયટીઓની રચના કરવાનો સરકારશ્રીએ નિર્ધાર વ્યકત કરેલ છે. આ સોસાયટીઓને રાજ્ય કક્ષાની ગવર્નિંગ કાઉન્સિલ ધ્વારા નીતિ ઘડતર અને તેની અમલવારી માટે 'એકિઝકયુટીવ કમિટી' ધ્વારા જરૂરી માર્ગદર્શન અને નિયંત્રણ રાખવામાં આવે તે હેતુસર સદર કાઉન્સિલ અને એકિઝકયુટીવ કમિટીની રચના કરવાની પણ વિચારણા થયેલ છે. વધુમાં, રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની અસરકારક જાળવણી માટે તેમજ પોલીસ ખાતાની કામગીરીને વધુ પ્રજાભિમુખ બનાવવા માટે ક્ષેત્રીય કક્ષાએ પ્રસંગોપાત કરવી પડતી વ્યવસ્થાને પહોંચી વળવા માટે જરૂરી ફંડ ઉભું કરવા, જનરક્ષા સોસાયટીઓને "સુરક્ષા સેતુ સોસાયટી"ના નામથી રચના કરવા અને તે હેઠળ સુરક્ષા સેતુ કેન્દ્રોની સ્થાપના કરવા બાબતે ચાલુ વર્ષે સંદર્ભ–૧ હેઠળના ઠરાવથી રૂા.૨ કરોડ તથા સંદર્ભ–૨ હેઠળના ઠરાવથી રૂા.૧૦૦ કરોડ મળી કુલ રૂા.૧૦૨ કરોડની ફાળવણી નવી સેવા હેઠળ કરવામાં આવેલ છે. સદર બાબત ધ્યાને લઈ સુરક્ષા સેતુ સોસાયટીઓની રચના તથા તે હેઠળ સુરક્ષા સેતુ કેન્દ્રોની સ્થાપના કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**<u>ઠ રા વ</u> :–**

રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી તથા પોલીસ ખાતાની કામગીરીને વધુ પ્રજાભિમુખ બનાવવા તથા જનભાગીદારી ધ્વારા આ કામગીરી અસરકારક રીતે થઈ શકે તે હેતુસર રાજ્ય કક્ષાએ ૧, તમામ જિલ્લાઓના પોલીસ અધિક્ષકશ્રીઓ અને ૪ પોલીસ કમિશનરશ્રીઓના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારોમાં મળી કુલઃ

૩૨ "સુરક્ષા સેતુ સોસાયટીઓ"ની રચના કરવાની તથા તેના નિયંત્રણ હેઠળ કુલ ૩૧ "સુરક્ષા સેતુ કેન્દ્રો"ની નીચેની શરતોને આધીન સ્થાપના કરવાનું આથી પુખ્ત વિચારણાના અંતે ઠરાવવામાં આવે છે :–

| | |
|---|---|
| (૧) | આ યોજના હેઠળ "જનરક્ષા સોસાયટી'નું નવું નામાભિધાન 'સુરક્ષા સેતુ સોસાયટી' રહેશે. |
| (૨) | આ યોજના હેઠળ રાજ્ય કક્ષાએ ૧, તમામ જિલ્લાઓના પોલીસ અધિક્ષકશ્રીઓ અને ૪ પોલીસ કમિશનરશ્રીઓના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારોમાં મળી કુલઃ ૩૨ "સુરક્ષા સેતુ સોસાયટી"ની રચના કરવાની રહેશે. |
| (૩) | હાલમાં રાજ્ય કક્ષાની ૧ 'સુરક્ષા સેતુ સોસાયટી' સિવાયની બાકી સદર ૩૧ "સુરક્ષા સેતુ સોસાયટીઓ"ના નિયંત્રણ હેઠળ કુલ ૩૧ "સુરક્ષા સેતુ કેન્દ્રો"ની રચના કરવાની રહેશે. |
| (૪) | આ યોજનાના રાજ્ય કક્ષાના નોડલ અધિકારીશ્રી તરીકે પોલીસ મહાનિરીક્ષકશ્રી, સ્ટેટ ક્રાઈમ રેકર્ડ બ્યુરો, ગાંધીનગર રહેશે. |
| (૫) | આ યોજનાના નોડલ અધિકારીશ્રીએ રાજ્યની તમામ ૩૨ સુરક્ષા સેતુ સોસાયટીઓની રચના, નોંધણી વગેરે સોસાયટી રજિસ્ટ્રેશન એક્ટ, ૧૮૬૦ તથા બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એક્ટ, ૧૯૫૦ હેઠળ સત્વરે કરાવવાની રહેશે. રજિસ્ટ્રેશન તથા સોસસાયટી કાર્યાન્વિત કરવા નિષ્ણાતની સેવાઓ લઈ શકાશે. |
| (૬) | સદર સુરક્ષા સેતુ સોસાયટીઓની વહીવટી કામગીરી નિર્ધારીત કરવામાં આવેલ 'મેમોરેન્ડમ ઓફ એસોસિએશન' તથા 'બાયલોઝ' મુજબ કરવાનો રહેશે. |
| (૭) | આ યોજના હેઠળ "સુરક્ષા સેતુ સોસાયટીઓ"એ રાજ્ય કક્ષાની ગવર્નિંગ કાઉન્સિલ ધ્વારા જે નીતિ ઘડતર કરવામાં આવે તે મુજબ સંબંધિત એક્ઝિક્યુટીવ કમિટીના માર્ગદર્શન હેઠળ જરૂરી કામગીરી તથા તેનું અમલીકરણ કરવાનું રહેશે. |
| (૮) | આ યોજનાના અમલીકરણ, નિયંત્રણ, દેખરેખ અને વખતોવખતના નિરીક્ષણની સઘળી જવાબદારી પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગરની રહેશે. આ જવાબદારી તેઓએ રાજ્ય કક્ષાની "સુરક્ષા સેતુ સોસાયટી"ની એક્ઝિક્યુટીવ કમિટી ધ્વારા સૂચવવામાં આવે તે રીતે નિભાવવાની રહેશે. |
| (૯) | આ યોજના હેઠળ રાજ્ય સરકાર ધ્વારા છૂટું કરવામાં આવેલ ફંડ નાણાકીય નિયંત્રણ અધિકારી અને પો.મ.નિ. અને મુ.પો.અ.શ્રી, ગુ.રા., ગાંધીનગરે આ હેઠળ મળેલ ફંડ ઉપાડીને રાજ્ય કક્ષાની "સુરક્ષા સેતુ સોસાયટી" હસ્તક મૂકવાનું રહેશે, જે ત્યારબાદ રાજ્યની સંબંધિત ૩૧ સોસાયટીઓને ફાળવવાનું રહેશે. |
| (૧૦) | સર્વે સોસાયટીઓએ આ યોજના હેઠળ ફાળવવામાં આવેલ ફંડની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે. |
| (૧૧) | આ યોજના હેઠળ લોકફાળો, દાન તથા જનભાગીરીથી મળતી રકમ સંબંધિત સોસાયટીઓ મેળવવા હકકદાર રહેશે અને ફંડનો ઉપયોગ જે તે હેતુ માટે કરવાનો રહેશે. |
| (૧૨) | હાલના હયાત જિલ્લાઓ ઉપરાંત જ્યારે નવા જિલ્લાઓની રચના થાય ત્યારે તે જિલ્લાઓમાં પણ આ જોગવાઈઓ અનુસાર અલગ "સુરક્ષા સેતુ સોસાયટી"ની રચના કરવાની રહેશે અને તેના નિયંત્રણ હેઠળ સુરક્ષા સેતુ કેન્દ્રોની સ્થાપના કરવાની રહેશે.નવ નિયુક્ત જિલ્લાઓમાં પણ સદર સોસાયટીઓની રચના અને સુરક્ષા સેતુ કેન્દ્રોની સ્થાપના અને તેને લગતી આતંષાંગિક કામગીરી સત્વરે હાથ ધરવામાં આવે તે આ યોજનાના નોડલ અધિકારીશ્રીએ જોવાનું રહેશે. |
| (૧૩) | જિલ્લા કક્ષાએ તથા પોલીસ કમિશ્નરશ્રીઓના વિસ્તારમાં સદર સોસાયટીની રચનાની કામગીરી આ યોજના હેઠળના રાજ્ય કક્ષાના નોડલ અધિકારીશ્રીના પરામર્શમાં સત્વરે કરવામાં આવે તે સંબંધિત પોલીસ અધિક્ષશ્રીઓ અને પોલીસ કમિશ્નરશ્રીઓએ જોવાનું રહેશે. |
| (૧૪) | આ યોજનાના અસરકારક અમલીકરણના હેતુસર જરૂર જણાયે 'આઉટ સોર્સિંગ'થી સેવાઓ મેળવી શકાશે. |

| | |
|---|---|
| (૧૫) | પ્રજામાં પોલીસ તંત્રની કામગીરીમાં અસરકારકતા વધે તે હેતુસર 'કોમ્યુનિટી પોલીસિંગ'ની કામગીરી માટે 'પબ્લીક-પ્રાઈવેટ પાર્ટનરશીપ (P.P.P.)' સિધ્ધાંત મુજબની સ્કિમ બનાવીને તેનું અમલીકરણ કરવાનું રહેશે. |
| (૧૬) | આ યોજના હેઠળ "સુરક્ષા સેતુ કેન્દ્રો"નું માળખું "જનસેવા કેન્દ્રો"ની જેમ ગોઠવવાનું રહેશે અને તેમાં નીચે મુજબની સેવાઓ તથા વખતોવખત નિર્ધારિત કરવામાં આવતી સેવાઓ પૂરી પાડવાની રહેશે :-<br>• <u>રજિસ્ટ્રેશન</u> :-<br>ગુમ થયેલ વ્યકિતઓ, ખોવાયેલ વાહનો, ગુમાવેલ સંપત્તિ, ખોવાયેલ પાસપોર્ટ, ભાડુઆત-મકાન માલિકના પ્રશ્નો, ઘરેલુ સમસ્યાઓમાં મદદ, વિદેશીઓ, સામુદાયિક (કોમ્યુનિટી) પોલિસીગ, પોલીસ મિત્ર.<br>• <u>લાયસન્સ, પરમીટસ અને અરજીઓ</u> :-<br>હથિયારો, સાયબર કાફે, વિસ્ફોટકો અને પેટ્રોલિયમ, મનોરંજન (એમ્યુઝમેન્ટ) પાર્ક, હોટેલ, પર્ફોર્મન્સ અને બુકિંગ માટે નશાબંધી સંબંધી મંજૂરી, રોડ-શો મંજૂરી, લાઉડ સ્પીકર, પ્રિમાઈસિઝ પરમીશન, ના-વાંધા પ્રમાણપત્ર, પોલીસ કિલયરન્સ સર્ટિફિકેટ, અધિવાસ (ડોમિસાઈલ) પ્રમાણપત્ર, પોલીસ બેન્ડ બુકિંગ, માહિતીનો અધિકાર (આર.ટી.આઈ.).<br>• <u>માહિતી શોધવા માટેનો માર્ગ (Access to Search Information)</u> :-<br>ગુમ થયેલ વ્યકિતઓ, ખોવાયેલ વાહનો, ખોવાયેલ પાસપોર્ટ, વણઓળખાયેલ/અજાણી લાશો, વોન્ટેડ જાહેર થયેલ વ્યકિતઓ. |

૨. આ અંગેનો ખર્ચ નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩ના બજેટમાં 'અનુભાગ-૧, નવી બાબતો (આયોજન), માગણી ક્રમાંક:૪૩, મુખ્ય સદર:૨૦૫૫-પોલીસ, ગૌણ સદર:૧૧૩-પોલીસ કર્મચારીઓનું કલ્યાણ, પેટા સદર:૦૨-પોલીસ કલ્યાણ પ્રવૃત્તિઓ અને ટ્રાફિક સવલતો માટેનું અનુદાન, બાબત નં.:૨૬-જનરક્ષા માટે સોસાયટીની સ્થાપના કોર્પસ નિધિની મંજૂરી' સદર હેઠળની જોગવાઈમાંથી મેળવવાનો રહેશે તથા તે હેઠળ ઉધારવાનો રહેશે.

૩. આ હુકમો આ વિભાગની સમાનાંકી ફાઈલ પર સરકારશ્રીની તા.૨૧/૦૯/૨૦૧૨ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

[redacted]

(ભરત પટેલ)
સેકશન અધિકારી,
ગૃહ વિભાગ.

પ્રતિ,

(૧) માન. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (અલગ પત્રથી).
(૨) માન. મુખ્ય મંત્રીશ્રીના અધિક અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૩) માન. મંત્રીશ્રી (નાણા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૪) માન. રા.ક. મંત્રીશ્રી (નાણા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૫) માન. રા.ક. મંત્રીશ્રી (ગૃહ)ના અંગત સચિવશ્રી, સચિવાલ ગાંધીનગર.
(૬) મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૭) અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૮) અગ્ર સચિવશ્રી (ગૃહ)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૯) સચિવશ્રી (ગૃહ)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૧૦) અગ્ર સચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
(૧૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.
(૧૨) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ.
(૧૩) એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડિટ), અમદાવાદ / રાજકોટ.
(૧૪) અધિક પોલીસ મહાનિદેશક (વહીવટ), પો.મ.નિ. અને મુ.પો.અ.શ્રીની કચેરી, પોલીસ ભવન, ગાંધીનગર.
(૧૫) પોલીસ મહાનિરીક્ષકશ્રી, સ્ટેટ ક્રાઈમ રેકર્ડ બ્યુરો, ગાંધીનગર : **(આ સાથે સામેલ રાખેલ પરિશિષ્ટ: ૧,૨ અને ૩ મુજબના 'મેમોરેન્ડમ ઓફ એસોસિએશન' તથા 'બાયલોઝ'ની એક નકલ સંબંધકર્તા સર્વે સોસાયટીઓને પૂરી પાડવાની વિનંતી સહ)**
(૧૬) નાણા સલાહકારશ્રી (ગૃહ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૧૭) નાયબ સચિવશ્રી (બજેટ/સંકલન),ગૃહ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
(૧૮) નાયબ સચિવશ્રી, આયોજન પ્રભાગ ('જ' શાખા), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૧૯) ગૃહ વિભાગના નિયંત્રણ હેઠળના સર્વે વિભાગીય (રેન્જ) પોલીસ વડાશ્રીઓ.
(૨૦) પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર, રાજકોટ શહેર, સુરત શહેર અને વડોદરા શહેર.
(૨૧) તમામ જિલ્લા કલેકટરશ્રીઓ.
(૨૨) તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
(૨૩) તમામ પોલીસ અધિક્ષકશ્રીઓ.
(૨૪) 'સુરક્ષા સેતુ સોસાયટી'ની તમામ 'ગવર્નિંગ કાઉન્સિલ્સ'ના તમામ સભ્યશ્રીઓ.
(૨૫) 'સુરક્ષા સેતુ સોસાયટી'ની તમામ 'એક્ઝિક્યુટીવ કમિટીઝ'ના તમામ સભ્યશ્રીઓ.
(૨૬) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર અને અમદાવાદ.
(૨૭) રાજયના તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
(૨૮) સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૨૯) શાખા સિલેકટ ફાઈલ.
(૩૦) નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઈલ.

૨૦૭/૯૮

રાજ્યમાં 'સુરક્ષા સેતુ સોસાયટીઓ' અંતર્ગત ગવર્નીંગ કાઉન્સિલ અને એક્ઝીક્યુટીવ કમિટિની ત્રિસ્તરીય રચના કરવા બાબત.

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
હુકમ ક્રમાંકઃ **પીડબલ્યુએફ/૧૦/૨૦૧૨/૪૧૧૬૫/ટ,**
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ– **૨૬/૦૯/૨૦૧૨.**

**વંચાણે લીધા**:– (૧) ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તા.૨૩/૦૪/૨૦૧૨નો ઠરાવ ક્રમાંકઃ પીડબલ્યુએફ/૧૦/૨૦૧૨/૪૧૧૬૫/ટ.

(૨) ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તા.૧૭/૦૯/૨૦૧૨નો ઠરાવ ક્રમાંકઃ પીડબલ્યુએફ/૧૦/૨૦૧૨/૪૧૧૬૫/ટ (પાર્ટ ફાઈલ).

(૩) ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તા.૨૬/૦૯/૨૦૧૨નો ઠરાવ ક્રમાંકઃ પીડબલ્યુએફ/૧૦/૨૦૧૨/૪૧૧૬૫/ટ.

**પ્રસ્તાવના :–**

પોલીસ અને પ્રજા બંને એક–બીજાના પૂરક છે. આથી, આ બંને વચ્ચે સેતુ ઘડતર થાય તે માટે રચનાત્મક કાર્યો કરવાનું અત્યંત જરૂરી છે. આવાં પ્રજાલક્ષી અને સમાજ ઉપયોગી કાર્યો કરવા માટે આ કામગીરીમાં કાર્યરત સમૃધ્ધ સંસ્થાઓ, એસોસિએશનો, ગૃહ ઉદ્યોગો ધ્વારા જનભાગીદારીથી કાર્યક્રમો હાથ ધરાય તે ધ્યેય નજર સમક્ષ રાખી રાજ્ય કક્ષાએ ૧, તમામ જિલ્લાઓના પોલીસ અધિક્ષકશ્રીઓ અને ૪ પોલીસ કમિશનરશ્રીઓના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારોમાં મળી કુલઃ ૩૨ સ્વાયત્ત જનરક્ષા સોસાયટીઓની રચના આમુખમાં વંચાણે લીધેલ ક્રમાંકઃ૩ સામેના તા.૨૬/૦૯/'૧૨ના ઠરાવથી કરવામાં આવેલ છે. સદર સોસાયટીઓની કાર્યવાહીના નીતિ–ઘડતર માટે ગવર્નિંગ કાઉન્સિલ અને તેના અમલીકરણ માટે જરૂરી માર્ગદર્શક સૂચનાઓ આપવા સારૂ એક્ઝિક્યુટીવ કમિટીની રચના કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :–**

આથી પુખ્ત વિચારણાના અંતે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી તથા પોલીસ ખાતાની કામગીરીને વધુ પ્રજાભિમુખ બનાવવા તથા જનભાગીદારી ધ્વારા આ કામગીરી અસરકારક રીતે થઈ શકે તે હેતુસર રાજ્ય કક્ષાએ ૧, તમામ જિલ્લાઓના પોલીસ અધિક્ષકશ્રીઓ અને ૪ પોલીસ કમિશનરશ્રીઓના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારોમાં મળી કુલઃ ૩૨ સુરક્ષા સેતુ સોસાયટીઓએ કરવાની થતી કામગીરીના સંદર્ભે નીતિ–ઘડતર અને તેના અમલીકરણ માટે નીચે મુજબની ત્રિસ્તરીય સમિતીઓની રચના કરવાનું આથી ઠરાવવામાં આવે છે :–

## (અ) રાજ્ય કક્ષાની "સુરક્ષા સેતુ સોસાયટી" માટે સમિતિઓ :–

| (૧)ગવર્નિંગ કાઉન્સિલ | | |
|---|---|---|
| અ.નં. | હોદ્દેદાર | હોદ્દો |
| (૧) | મુખ્ય સચિવશ્રી | ચેરમેન |
| (૨) | અગ્ર સચિવશ્રી(ગૃહ) / અધિક મુખ્ય સચિવશ્રી (ગૃહ) | સભ્ય |
| (૩) | અધિક મુખ્ય સચિવશ્રી(નાણા) | સભ્ય |

| | | |
|---|---|---|
| (૪) | સચિવશ્રી(કાયદા વિભાગ) | સભ્ય |
| (૫) | અગ્ર સચિવશ્રી(માર્ગ અને મકાન વિભાગ) | સભ્ય |
| (૬) | અગ્રસચિવશ્રી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | સભ્ય |
| (૭) | અગ્ર સચિવશ્રી(આદિજાતિ વિકાસ વિભાગ) | સભ્ય |
| (૮) | અગ્રસચિવશ્રી,મહિલા અને બાળ વિકાસ વિભાગ | સભ્ય |
| (૯) | અગ્રસચિવશ્રી, શ્રમ અને રોજગાર વિભચાગ | સભ્ય |
| (૧૦) | પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી | સભ્ય |
| (૧૧) | અધિક પોલીસ મહાનિદેશક(વહીવટ) | સભ્ય |
| (૧૨) | અધિક પોલીસ મહાનિદેશક(જેલ) | સભ્ય |
| (૧૩) | પોલીસ મહાનિરીક્ષક(સ્ટેટ ક્રાઈમ રેકર્ડ બ્યુરો) | સભ્ય–સચિવ |

| (૨)એક્ઝિક્યુટીવ કમિટી | | |
|---|---|---|
| અ.નં. | હોદ્દેદાર | હોદ્દો |
| (૧) | અગ્ર સચિવશ્રી(ગૃહ) / અધિક મુખ્ય સચિવશ્રી (ગૃહ) | ચેરમેન |
| (૨) | પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી | સભ્ય |
| (૩) | સચિવશ્રી(ગૃહ) | સભ્ય |
| (૪) | અધિક પોલીસ મહાનિદેશક(વહીવટ) | સભ્ય |
| (૫) | નાણાં સલાહકારશ્રી,ગૃહ વિભાગ | સભ્ય |
| (૬) | પોલીસ મહાનિરીક્ષક(સ્ટેટ ક્રાઈમ રેકર્ડ બ્યુરો) | સભ્ય–સચિવ |

## (બ) જિલ્લા કક્ષાની સમિતિઓ :– (જિલ્લાદીઠ એક)

| (૧) ગવર્નિંગ કાઉન્સિલ | | |
|---|---|---|
| અ.નં. | હોદ્દેદાર | હોદ્દો |
| (૧) | કલેક્ટર અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી | ચેરમેન |
| (૨) | પોલીસ અધિક્ષકશ્રી | સભ્ય |
| (૩) | જિલ્લા વિકાસ અધિકારીશ્રી | સભ્ય |
| (૪) | આર.ટી.ઓ. | સભ્ય |
| (૫) | જિલ્લા પ્રાયોજના અધિકારી(આદિવાસી વિસ્તાર માટે) | સભ્ય |
| (૬) | જિલ્લા શિક્ષણાધિકારીશ્રી | સભ્ય |
| (૭) | એકાઉન્ટ ઓફિસર/જિલ્લા તિજોરી અધિકારી | સભ્ય |
| (૮) | નાયબ પોલીસ અધિક્ષકશ્રી (હેડકવાર્ટર) | સભ્ય–સચિવ |
| (૯) | બિનસરકારી સભ્યો(આમંત્રિતો) વધુમાં વધુ ત્રણ | આમંત્રિત સભ્ય |

| (૨) એક્ઝિક્યુટીવ કમિટી | | |
|---|---|---|
| અ.નં. | હોદ્દેદાર | હોદ્દો |
| (૧) | પોલીસ અધિક્ષકશ્રી | ચેરમેન |
| (૨) | નાયબ પોલીસ અધિક્ષકશ્રી(હેડકવાર્ટર) | સભ્ય–સચિવ |
| (૩) | સંબંધિત સબડીવીઝનના એસ.ડી.પી.ઓ. | સભ્ય |
| (૪) | એકાઉન્ટ ઓફિસર/તિજોરી અધિકારી | સભ્ય |

૨૦૯/૫૯૫

## (ક) શહેરી વિસ્તાર માટેની સમિતિઓ :–(અમદાવાદ,સુરત,રાજકોટ તથા વડોદરા માટે)

| (૧) ગવર્નિંગ કાઉન્સિલ | | |
|---|---|---|
| અ.નં. | હોદ્દેદાર | હોદ્દો |
| (૧) | કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી | ચેરમેન |
| (૨) | પોલીસ કમિશ્નરશ્રી | કો–ચેરમેન |
| (૩) | મ્યુનિસિપલ કમિશ્નરશ્રી | સભ્ય |
| (૪) | આર.ટી.ઓ. | સભ્ય |
| (૫) | સી.ઈ.ઓ.શહેરી વિકાસ સત્તામંડળ | સભ્ય |
| (૬) | કાર્યપાલક ઈજનેરશ્રી(માર્ગ અને મકાન) | સભ્ય |
| (૭) | એકાઉન્ટ ઓફિસર/તિજોરી અધિકારી | સભ્ય |
| (૮) | અધિક પોલીસ કમિશ્નરશ્રી / ડી.સી.પી(વહીવટ) | સભ્ય–સચિવ |
| (૯) | બિનસરકારી સભ્યો(આમંત્રિતો) વધુમાં વધુ ત્રણ | આમંત્રિત સભ્ય |

| (૨) એકઝિકયુટીવ કમિટી | | |
|---|---|---|
| અ.નં. | હોદ્દેદાર | હોદ્દો |
| (૧) | પોલીસ કમિશ્નરશ્રી | ચેરમેન |
| (૨) | અધિક પોલીસ કમિશ્નરશ્રી/સંયુકત પોલીસ કમિશ્નરશ્રી | સભ્ય |
| (૩) | એકાઉન્ટ ઓફિસર/તિજોરી અધિકારી | સભ્ય |
| (૪) | અધિક પોલીસ કમિશ્નરશ્રી/ડી.સી.પી(વહીવટ) | સભ્ય–સચિવ |

નોંધ :–

(૧) રાજય સરકાર જરૂરિયાત તથા સંજોગો ઉપસ્થિત થયે વખતોવખત ઉકત સમિતિઓમાં અન્ય સભ્યો ઉમેરી શકશે કે ફેરફાર કરી શકશે અથવા રદ કરી શકશે.

(૨) જિલ્લા / શહેર કક્ષાની સોસાયટીઓની રચનામાં તથા તેના માળખામાં આવશ્યકતા ઉભી થયે રાજય કક્ષાની "સુરક્ષા સેતુ સોસાયટી"ની ગવર્નિંગ કાઉન્સિલની તેમજ જરૂર જણાયે રાજય સરકાર પણ તેમાં ફેરફાર, ઉમેરો અથવા રદ કરી શકશે.

(૩) જિલ્લા કક્ષાની સુરક્ષા સેતુ સોસાયટીની ગવર્નિંગ કાઉન્સિલમાં જિલ્લા કલેકટર કચેરી / જિલ્લા વિકાસ અધિકારીની કચેરીના સિનીયર અધિકારીશ્રીઓને તથા એ.ટી.વી.ટી. તાલુકાના પ્રાંત અધિકારીશ્રીઓને આમંત્રિત સભ્યો તરીકે જરૂર જણાયે બોલાવી શકાશે.

(૪) શહેરી વિસ્તાર માટેની સુરક્ષા સેતુ સોસાયટીમાં મહાનગરપાલીકાના એક પ્રતિનિધિ તેમજ મહાનગરપાલીકાના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર કક્ષાના સિનીયર અધિકારી, કે જેઓ દબાણ અને ટ્રાફીકની કામગીરી સંભાળતા હોય તેવા કુલ બે આમંત્રિત સભ્યો તરીકે બોલાવી શકાશે.

(૫) "એકિઝકયુટીવ કમિટીઓ"ની બેઠક દર ત્રિમાસિક સમય–ગાળામાં ઓછામાં ઓછું એક વખત બોલાવવાની રહેશે. તે જ રીતે ગવર્નિંગ કાઉન્સિલની બેઠક પ્રતિ નાણાકીય વર્ષ દરમ્યાન ઓછામાં ઓછી એક વખત બોલાવવાની રહેશે.

(૬) રાજય સરકાર ઉકત તમામ સોસાયટીઓની કામગીરીની વખતોવખત સમીક્ષા કરી શકશે.

૨. આ અંગેનો ખર્ચ નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ના બજેટમાં 'અનુભાગ–૧, નવી બાબતો (આયોજન), માગણી ક્રમાંક:૪૩, મુખ્ય સદર:૨૦૫૫–પોલીસ, ગૌણ સદર:૧૧૩–પોલીસ કર્મચારીઓનું કલ્યાણ, પેટા સદર:૦૨–પોલીસ કલ્યાણ પ્રવૃત્તિઓ અને ટ્રાફિક સવલતો માટેનું અનુદાન, બાબત નં.:૨૬–જનરક્ષા માટેસોસાયટીની સ્થાપના કોર્પસ નિધિની મંજૂરી' સદર હેઠળની જોગવાઈમાંથી મેળવવાનો રહેશે તથા તે હેઠળ ઉધારવાનો રહેશે.

૩. આ હુકમો આ વિભાગની સમાનાંકી ફાઈલ પર સરકારશ્રીની તા.૨૧/૦૯/૨૦૧૨ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

[redacted] ૨૬/૦૭/૧૨

(ભરત પટેલ)
સેકશન અધિકારી,
ગૃહ વિભાગ.

**પ્રતિ,**

(૧) માન. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (અલગ પત્રથી).
(૨) માન. મુખ્ય મંત્રીશ્રીના અધિક અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૩) માન. મંત્રીશ્રી (નાણા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૪) માન. રા.ક. મંત્રીશ્રી (નાણા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૫) માન. રા.ક. મંત્રીશ્રી (ગૃહ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૬) મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૭) અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
(૮) અગ્ર સચિવશ્રી (ગૃહ)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૯) સચિવશ્રી (ગૃહ)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૧૦) અગ્ર સચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
(૧૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, પોલીસ ભવન, ગાંધીનગર.
(૧૨) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ.
(૧૩) એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડિટ), અમદાવાદ / રાજકોટ.
(૧૪) અધિક પોલીસ મહાનિદેશક (વહીવટ), પો.મ.નિ. અને મુ.પો.અ.શ્રીની કચેરી, પોલીસ ભવન, ગાંધીનગર.
(૧૫) પોલીસ મહાનિરીક્ષકશ્રી, સ્ટેટ ક્રાઈમ રેકર્ડ બ્યુરો, ગાંધીનગર : **(આ સાથે સામેલ રાખેલ પરિશિષ્ટ: ૧,૨ અને ૩ મુજબના 'મેમોરેન્ડમ ઓફ એસોસિએશન' તથા 'બાયલોઝ'ની એક નકલ સંબંધકર્તા સર્વે સોસાયટીઓને પૂરી પાડવાની વિનંતી સહ)**
(૧૬) નાણા સલાહકારશ્રી (ગૃહ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૧૭) નાયબ સચિવશ્રી (બજેટ/સંકલન),ગૃહ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
(૧૮) નાયબ સચિવશ્રી, આયોજન પ્રભાગ ('જ' શાખા), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૧૯) ગૃહ વિભાગના નિયંત્રણ હેઠળના સર્વે વિભાગીય (રેન્જ) પોલીસ વડાશ્રીઓ.
(૨૦) પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર, રાજકોટ શહેર, સુરત શહેર અને વડોદરા શહેર.
(૨૧) તમામ જિલ્લા કલેકટરશ્રીઓ.
(૨૨) તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
(૨૩) તમામ પોલીસ અધિક્ષકશ્રીઓ.
(૨૪) 'સુરક્ષા સેતુ સોસાયટી'ની તમામ 'ગવર્નિંગ કાઉન્સિલ્સ'ના તમામ સભ્યશ્રીઓ.
(૨૫) 'સુરક્ષા સેતુ સોસાયટી'ની તમામ 'એક્ઝિક્યુટીવ કમિટીઝ'ના તમામ સભ્યશ્રીઓ.
(૨૬) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર અને અમદાવાદ.
(૨૭) રાજયના તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
(૨૮) સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૨૯) શાખા સિલેકટ ફાઈલ.
(૩૦) નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઈલ.